### રાજ્ય સરકારના બે મહત્ત્વાકાંક્ષી નિર્ણય

# ૬૦૦ જેટલી ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં ધોરણ-૮ના વર્ગને મંજૂરી આપવામાં આવી

## ગ્રાન્ટેડ શાળાના ધોરણ-૯ અને ૧૦ માટે નવા ૨૦૦૦ વર્ગોની મંજૂરી


ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધે અને પ્રત્યેક બાળક પ્રાથમિક શિક્ષણ મેળવે તે માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ચિંતા કરી કન્યા કેળવણી ઉપર ખાસ ભાર મૂકયો છે. જેના ભાગરૂપે રાજ્ય સરકારે બે મહત્ત્વાકાંક્ષી નિર્ણયો કર્યા છે. જેમાં શિક્ષણ વિભાગ હસ્તકની ૬૦૦ જેટલી ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓમાં ધોરણ ૮ મંજૂર કરાયું છે અને ગ્રાન્ટેડ શાળાના ધોરણ-૯ અને ૧૦ માટે નવા ૨૦૦૦ વર્ગોને મંજૂરી આપવામાં આવી છે એમ શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી હસમુખ અઢિયાએ જણાવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની ૬૦૦ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ધોરણ ૮ શરૂ થવાથી આ શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને તે જ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ભણવાનો લાભ મળશે. ચાલુ વર્ષે માધ્યમિક શાળાઓમાં ધોરણ ૮ બંધ થવાથી જરૂર હોય તેવી બધીજ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ ચાલુ કરવામાં આવશે. આ નિર્ણય અનુસાર શિક્ષણ વિભાગ હસ્તકની જે ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ ધોરણ ૧ થી ૭ સુધીની છે તેને ધોરણ ૮ સુધી લંબાવવા માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત છેલ્લા બે વર્ષથી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ ચાલુ કરવામાં આવતા મોટી સંખ્યામાં કન્યાઓ અને કુમારો હાલ ધોરણ ૮ સુધી ભણે છે અને ત્યારબાદ માધ્યમિક શાળાઓમાં પણ ભણવા માટે આવતા હોઈ, ચાલુ વર્ષે ધોરણ ૯-૧૦ના એડમીશનમાં મોટો વધારો થવાથી ધોરણ ૯ અને ૧૦ના ૨૦૦૦ નવા વર્ગો મંજૂર કરવા માટે મુખ્યમંત્રીશ્રી કક્ષાએ નિર્ણય કરાયો છે. જેનાથી ગરીબ વિદ્યાર્થીઓને સારી ગ્રાન્ટેડ શાળાઓમાં ભણવાની તકો વધશે. આ અંગેની અરજીઓ કમિશનર (સ્કુલ) દ્વારા તમામ શાળાઓ પાસેથી મંગાવવામાં આવી રહી છે. જે ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ ૯ની કે ધોરણ ૧૦ની સંખ્યા વધે તે શાળાઓને વિદ્યાર્થીને એડમીશન આપવા રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

# ક્રાંતિકારી સંત તરૂણસાગરજીનું ૧૯૭૩ પછી પુનઃ સ્વાગત



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૧૯૭૩-૭૪ની સાલમાં ગાંધીનગરનો વસવાટ નવો સવો હતો ત્યારે સંત તરૂણસાગરજીનું આગમન થયું હતું. આ સમયે જૈન દિગમ્બર સંત તરૂણસાગરજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર પછી ૩૯ વર્ષે ગાંધીનગરમાં પુનઃ પધારેલ તરૂણસાગરજીનું સ્વાગત કરાતા શહેર વસાહત મહામંડળના સભ્યોએ જૂના સંસ્મરણો તાજા કર્યા છે. ગાંધીનગરનું નાગરિક જીવન સમરસ અને સર્વધર્મ સમભાવ સભર રહ્યું છે. પ્રત્યેક ધર્મ પ્રત્યે નગરજનો સમભાવ રાખે છે. ૧૯૭૩-૭૪ની સાલમાં ગાંધીનગરનો વસવાટ હજુ નવો-સવો હતો. સાધનો, જગ્યાઓ નહિવત હતી. કોઈ ધર્મસ્થાનો હજુ વિકાસ પામેલા ન હતા. તેવા સમયે કલોલના સ્વ. મોતીલાલ કોદરદાસ શાહ એક જૈન દિગમ્બર સંતને લઈ કલોલથી હિંમતનગર પ્રયાણ કરી રહ્યા હતા તેમને ગાંધીનગર રાતવાસો કરવાનો હતો. કયાં રહેવું ? શું વ્યવસ્થા કરવી ? વગેરે સવાલોનો જવાબ ન હતો. તે વખતે અરૂણ બૂચ, સૂર્યકાંત બારોટ, જે.ડી. દવે વગેરે મિત્રોએ જૈન સમાજને હૈયાધારણા આપી અને રંગમંચ અનામત કરી મુનિશ્રીની શુશ્રૂષા કરી હતી. ક્રાંતિકારી સંત તરૂણસાગરજી ગાંધીનગર પધાર્યા ત્યારે શહેર વસાહત મહામંડળ દ્વારા વનચેતના ખાતે સ્વાગત કરી તેમની મુલાકાત કરી અરૂણ બૂચ, સુધીર દેસાઈ, મયૂરભાઈ વ્યાસ, કિશોર જીકાદરા, ભરત કવિ સહિત સૌએ ભૂતકાળના આ પ્રસંગને સંત સમક્ષ વાગોળ્યો હતો. પૂ. તરૂણસાગરજી મહારાજે ખુશી વ્યકત કરી નગરનો આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે દિદમ્બર જૈન સમાજના દિલીપભાઈ, જશવંતભાઈ, ચંપકભાઈ દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને મોટા પ્રમાણમાં ભકતજનોએ લાભ લીધો હતો.

## ગજાનન સેવા સમિતિનું સેવાકાર્ય

ગાંધીનગર, તા.૨૨

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ખેરાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તથા છાત્રેશ્વરી, માલપુર પ્રાથમિક શાળામાં અને વાંટડાના ૩૦ લાભાર્થીઓને વિવિધ વસ્તુઓનું વિતરણ કરી સેવાકાર્ય કર્યુંહતું. ભિલોડા તાલુકાના ખેરાડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દોઢ હોર્સપાવરની સબમર્સીબલ મોટર, પમ્પ અને સ્ટાર્ટર આપ્યા હતા. છાત્રેશ્વરી, માલપુર પ્રાથમિક શાળામાં સાબુ, બિસ્કીટ તથા વાંટડામાં ૩૦ લાભાર્થીઓને પ્રત્યેકને ૧૮ ખાદ્ય સામગ્રી આપી હતી.

## કચ્છ-મિત્ર મંડળનું સ્નેહમિલન ૨૪મીએ સે. ૨૩ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરના તન્ના દિપકે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૨૪મી જૂન-૨૦૧૨ને સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન કચ્છ મિત્ર મંડળ દ્વારા બ્રહ્માણી હોલ, ફાર્મસી કોલેજ કંપાઉન્ડ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સ્નેહમિલન અને વર્ષાબેન પારેખનું વકતવ્ય યોજાશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ફાર્મસી કોલેજ કંપાઉન્ડના બ્રહ્માણી હોલ ખાતે યોજાનાર કચ્છ-મિત્ર મંડળના સ્નેહમિલન સમારોહમાં સૌ કચ્છીભાઈ બહેનોને સમયસર પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## 'ઈન્ટરનેટ ટેકનોલોજી આશીર્વાદ કે અભિશાપ' વિષયે અક્ષરધામ ખાતે વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ઈન્ટરનેટ, મોબાઈલ ફોન વગેરે દુર સંચાર ક્ષેત્રની ટેકનોલોજીએ દુનિયાને મુઠ્ઠીમાં મુકી દીધી છે. તમારે જ્યારે જેટલી અને જેવી માહિતી, તસ્વીરો અને ફિલ્મો જોઈએ તે વિષયની તમારી અપેક્ષા અને જરૂરિયાતથી પણ ઘણી વધારે માહિતી ફકત એક જ બટન દબાવવાથી હસ્તગત થઈ જાય છે.

આજનો યુવાન, કિશોર-કિશોરી, પ્રૌઢ અને વયસ્ક વ્યક્તિ પણ આ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. ઝડપી અને સસ્તી ટેકનોલોજી દરેકને ખૂબ જ ઉપયોગી બની રહી છે. આ ટેકનોલોજી જિજ્ઞાસુઓ માટે જાદુઈ ચિરાગ બની રહી છે.

આવી ટેકનોલોજી ખરેખર આશિર્વાદ છે. તેનો ઉપયોગ કઈ રીતે વધારે સારો કરી શકાય. કોઈપણ વસ્તુના સારા અને નરસા બંને પાસા હોય છે. શું ટેકનોલોજી દૂષણ છે કે રામરાજ્ય છે. આ અંગેનો અભ્યાસપૂર્ણ વકતવ્યનો લાભ લેવા નાગરિકોને જાણ કરવામાં આવેલ છે. ઈન્ટરનેટ વિગેરે ટેકનોલોજી આશિર્વાદ કે અભિશાપ વિષયના વકતા તરીકે શૈલેષભાઈ સગરપરીયા, હિસાબી અધિકારી જિલ્લા પંચાયત જૂનાગઢ અને જયેશભાઈ માંડણકા અધ્યાપક બી.ડી. આર્ટસ કોલેજ અંગ્રેજી વિભાગ, અમદાવાદ, હરિમંદિર અક્ષરધામ ગાંધીનગર ખાતે ૨૩મી રોજ સાંજે ૪.૩૦ કલાકે યોજાશે.

## શિવરંજની દ્વારા અવિનાશી અવિનાશનો વિશિષ્ટ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતી રચનાઓમાં સદા બહાર અને હંમેશા હોઠ પર રમતી રહેતી રચનાઓ એટલે અવિનાશ વ્યાસની રચના. હંમેશને માટે યાદગાર એટલે અવિનાશ વ્યાસને તેમની રચનાઓ દ્વારા જીવંત કરવા ગાંધીનગરના આંગણે એક સિદ્ધહસ્ત કલાકાર એવા પુરૂષોત્તમ ઉપાધ્યાય તેમની સાથે ઉચ્ચકક્ષાના નયનભાઈ પંચોલી અને ડૉ. ફાલ્ગુની જેવા કલાકારની સંગત કરીને અવિનાશ વ્યાસની યાદોને વધુ તરબતર કરવા શિવરંજની સંસ્થાના ઉપક્રમે આવી રહ્યા છે. કાર્યક્રમ તા. ૨૩ જૂનના રોજ રાત્રે ટાઉન હોલ ગાંધીનગરમાં સંસ્થાના સભ્યો માટે રાખેલ છે. તાજેતરમાં જેમની જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી છે તેવા અવિનાશ વ્યાસની રચનાઓ માણવી એ લ્હાવો છે. શિવરંજનીનું સભાપદ મેળનારે પ્રમુખનો સંપર્ક કરવા જણાવેલ છે.

## વિકેર ફાઉન્ડેશનની ૨૪ જૂને સાધારણ સભા

ગાંધીનગર, તા.૨૨

વિકેર ફાઉન્ડેશનની વાર્ષિક સાધારણ સભા તા. ૨૪ જૂનના રોજ સાંજે ૪.૩૦ કલાકે ઉમા ભવન ઉમિયામાતાજી મંદિર, સેકટર-૧૨ ખાતે મળનાર છે. તેમ સંસ્થાના રાજુભાઈ એસ. પટેલે જણાવેલ છે.

## વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારને એવોર્ડ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકાર વિકલાંગો અને વિકલાંગ ક્ષેત્રે કામગીરી કરતી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા હંમેશા કટિબધ્ધ છે. વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિ/સંસ્થાને આગામી તા. ૨૪-૬-૨૦૧૨ના રોજ બપોરે ૨-૦૦ કલાકે જયશંકર સુંદરી હોલ, રાયખડ, અમદાવાદ ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાના વરદ્‌હસ્તે એવોર્ડ અર્પણવિધિ યોજાનાર છે તેમ નિયામકશ્રી, સમાજસુરક્ષા, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## પ્રસંગસાર

**- આશા સરવૈયા**



'ભોમિયાને મેં પૂછ્યું, 'કેડી આ ક્યાં જાય છે ?' 'અણજાણ છું' કહે ભોમિયો, સહુ આવે છે ને જાય છે...'

સહુ આવે છે અને જાય છે એ સંસારનો ક્રમ છે. પરંતુ ગયા પછી પણ અમીટ યાદ પાછળ છોડીને હૃદયસ્થ બની જાય, અવિસ્મરણીય બની જાય, અમર અને અવિનાશી બની જાય. વીસમી સદીના ગુજરાતી સંગીતના પર્યાય કહો, ગુજરાતને ગાતું અને રમતું કરનારા કવિ કહો કે ગુજરાતી સંગીતના ગોડફાધર કહો એવા ગુજરાતી સંગીતને દેવમંદિરના ગભારાની જેમ અહર્નિશ મઘમઘતું રાખતા એ છે મહાન ગીતકાર અને સંગીતકાર શ્રી અવિનાશ વ્યાસ.

અમદાવાદમાં સંસ્કારી નાગરી નાતમાં ૨૧ જુલાઈ, ૧૯૧૧માં જન્મેલા બાળક અવિનાશે, ઘોડીયે હિંચોળતા માતા મણિબેનના મધુર કંઠે ગવાયેલા હાલરડાં અને ભાવભર્યા ભજનો ગળથૂંથીમાં પીધા હોય તેમ બાળપણથી જ ગાવું તેમને માટે સહજ હતું. ક્રિકેટનો શોખ તેમને મુંબઈ લઈ ગયો પરંતુ ત્યાં ક્રિકેટને બદલે ઉદય થયો ગુર્જરી ગીત સૃષ્ટિનો. મુંબઈની નેશનલ ગ્રામોફોન કું. સાથે મિલાપ થતાં આ ક્ષેત્રે હમણાં જ પ્રવેશેલા જુવાનિયા અવિનાશના ગીતોનું રેકોર્ડીંગ થવા લાગ્યું. એટલું જ નહીં ઓલ ઈન્ડિયા રેડિયો પરથી પ્રસારિત પણ થવા લાગ્યા. આ સાથે જ અવેતન રંગભૂમિ પર અભિનય કરવાની તક મળી જેની સાથે પોતાનાં ગીતો સુમધુર કંઠે ગાયા અને શ્રોતાઓમાં છવાઈ ગયા.

૧૯૫૦-૬૦નો દાયકો નૃત્યનાટિકાનો હતો. અનેક નૃત્યનાટિકાઓ માટે અવિનાશભાઈએ ગીતો લખ્યા છે. નરસૈયો, મીરાં, આમ્રપાલી, રસદુલારી, જેસલ તોરલ વિ. સફળ નૃત્યનાટિકાઓનો તેમની કારકિર્દીમાં અમૂલ્ય ફાળો રહ્યો છે. તે સમયની ખૂબ જાણીતી ગુજરાતી ફિલ્મો ગુણસુંદરી, મંગલફેરા, ગાડાનો બેલ વિ. માં તેમના ગીત-સંગીત ખૂબ સફળ થયા જે હજી પણ લોકહૈયે વસેલા છે.

અવિનાશભાઈના શબ્દો અને બંદિશની ખૂબી રચનાની સરળતામાં છે. ગીતકાર અવિનાશ અને સંગીતકાર અવિનાશ ક્યારેક એકમેક સાથે મીઠી સ્પર્ધામાં ઉતર્યા હોય એમ લાગે છે. ક્યારેક સુર શબ્દનો ખેંચે છે તો ક્યારેક શબ્દ સૂરને. સંગીતકારની ફૂલદાનીમાં ગીતકાર અવિનાશના બગીચાના કેટલાય ફૂલો લય અને તાલની હવામાં ઝૂલ્યા કરે છે.... 'પાંદડું લીલું ને રંગ રાતો, તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે, રાખના રમકડા મારા રામે રમતાં રાખ્યા રે, છણનું રે છપનું કંઈ થાય નહીં...' વિ. અનેક ગીતો ગુજરાતી પ્રજાના કંઠ અને કાનમાં કાયમ માટે વસી ગયા છે.

અવિનાશભાઈએ ગીત, ગરબા, રાસ, ગઝલ, ભજન વિ. દરેક ક્ષેત્રે યાદગાર રચનાઓ આપી છે. પરંતુ આ બધામાં માતાજીના ગરબા અવિનાશભાઈની માતાજી પ્રત્યેની અનંત આસ્થાને કારણે, સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો, બજે તાલ મંજીરા ડોલે રે ભવાની મા, એક હરતું ને ફરતું મંદિર મારો ગરબો, માડી તારા મંદિરમાં ઘંટારવ થાય... વિ. ગરબાએ ગુજરાત અને ગુજરાતણ પર સામ્રાજ્ય જમાવી દીધું છે. કવિ શ્રી બોટાદકર પછી જો કોઈએ કુટુંબજીવનના ગીતો આપ્યા હોય તો તે અવિનાશભાઈએ. ભાભી તમે થોડા થોડા થાવ વરણાગી, મારો દેવરીયો છે બાંકો, આજ મારી નણંદીને ઓછું આવ્યું અને શિરમોર સમું 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ' (સસરા, સાસુ, નણંદ અને પતિ)માં નારી સંવેદના અને કુટુંબભાવનાનું અજબ નિરૂપણ કરેલ છે. તો 'પિયરને પીપળેથી આવ્યું પારેવડું'માં જનક, જનેતા, દાદા, ભાઈ-ભોજાઈ, બેનીના વિરહનો રંજ અને પારેવડું આવ્યાનો આનંદ સાંભળીને કોઈની આંખો કોરી રહી શકે?

અવિનાશભાઈના ભજનો જેવા કે ધૂણી રે ધખાવી બ'લી અમે તારા નામની, મારા રામ તમે સીતાજીની તોલે ન આવો, મંદિર ઉઘાડા રે તારે મોઢે તાળા હજાર હાથવાળા, રાખે તેવા રહીએ રામ, આ અને આવા અનેક ભજનો સાંભળીને શ્રોતાજનો સૂરસમાધિમાં લીન થઈ ગયા છે. ભાગ્યે જ કોઈ ગુજરાતી એવો મળે કે જેણે અવિનાશભાઈનું નામ જાણીને કે જાણ્યા વગર પણ એકાદ ગીત ગાયું કે ગુંજ્યુ ન હોય. કોઈ ગીતકારને ગુજરાતમાં આટલી પ્રસિધ્ધિ મળી નથી. અવિનાશભાઈએ ૧૧ હજારથી વધારે ગીતો લખ્યાં છે. ૧૯૭૦માં તેમને પદ્મશ્રી ઍવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા. ગુજરાતે ૧૯૮૪માં અણમોલ રત્ન ગુમાવ્યું. આપણે હમણાં જ અવિનાશભાઈની જન્મશતાબ્દિની ઉજવણી કરી. આ અમર સદા અવિનાશને શ્રધ્ધાંજલિ આપવા ગાંધીનગરની જાણીતા સંસ્થા શિવરંજનીએ 'અવિનાશી અવિનાશ' શીર્ષક તળે શ્રી અવિનાશ વ્યાસની રચનાઓના એક થીમ બેઈઝ્ડ અને વિશિષ્ટ કાર્યક્રમનું તા. ૨૩ જૂન, ૨૦૧૦ના રોજ આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં અવિનાશભાઈના માનસપુત્ર અને ગુજરાતી સુગમ સંગીતના સ્વરોત્તમ શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય, જાણીતા ગાયક શ્રી નયન પંચોલી, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર અને કુ. પલક ગુજરાતીઓના કંઠમાં સચવાયેલા અવિનાશભાઈના ગીતોથી સુરાંજલિ અર્પશે. ચાલો, ગુજરાતીઓના હૃદયસ્થ અવિનાશ વ્યાસનું ઋણ ચૂકવવા માટે શિવરંજનીનું સભ્યપદ, જો હજી ન મેળવ્યું હોય તો મેળવી લઈએ અને આ સ્વરાંજલિમાં જોડાઈએ.

# વનચેતનાના પ્રત્યેક વૃક્ષમાં એક એક રણજીતસિંહ વસે છે, વનચેતના એનું ખોળિયું છે અને વૃક્ષો એના પ્રાણ !

## આગવો માણસ - આપણો માણસ

**- કિશોર જીકાદરા**



એને દેતાં ય વાર નહીં ને પાછું લઈ લેતાં ય વાર નહીં ! હું ઈશ્વરની વાત કરું છું. એકવાર દઈને વેળા કવેળા પાછું લઈ લેવું એના કરતાં કદાપિ દેવું નહીં એ વ્યવહાર પ્રમાણમાં ઓછો ખરાબ છે. ઈશ્વરનો વ્યવહાર એ રીતે જોતાં ઘણો ખરાબ ! એ સર્વ હક્ક સ્વાધિન રાખે છે. એકવાર આપેલું એ ચાહે ત્યારે વીટ્રો કરી લે છે ! આવા કસમયના વીટ્રોઅલ કોઈની જિંદગીના નકશાને છિન્ન-ભિન્ન કરી નાંખે છે, રંગીન સમણાંને રોળી નાંખે છે. ઈશ્વરે સોનલનાં સમણાંને પણ બેરહેમીથી રોળી નાંખ્યાં !

સોનલ ત્યારે ૧૫ વર્ષની મુગ્ધા હતી. યૌવનનો સૂરજ હૃદયાકાશે સોનરી કોર કાઢી રહ્યો હતો. ઉત્સાહની લાલિમા રૂંવે રૂંવે રંગોળી રચી રહી હતી. રંગીન સમણાંઓ પાંખ ફફડાવી રહ્યાં હતાં. નાનકડી આંખોમાં આખી દુનિયાને સમાવી લેવાનો ઉમંગ ઉછાળા મારી રહ્યો હતો. બસ, આંખોની આ ગુસ્તાખી અદેખા ઈશ્વરથી ન સહેવાઈ ! સોનલની દૃષ્ટિ જ છીનવી લીધી ! છે કોઈ ધણીનો ધણી ???

સોનલ નવમું ભણતી હતી. એક રાત્રે થિયેટરમાં સોનલે અનુભવ્યું કે પિક્ચર ઝાંખું લાગે છે. કુદરતના કેરનો કદાચ આ દુષ્પ્રારંભ હતો. શરૂઆતમાં અને રાત્રે પછી દિવસે પણ દેખાવાનું ઓછું થતું ગયું. રિટેના પર ધીરે ધીરે ડોટ્સ વધતાં જતાં હતાં. 'રેટિના પિગ્મેન્ટોઝ'નું નિદાન હતું. રોગ અસાધ્ય હતો. આજે પણ અસાધ્ય છે ! ઉપચારો થયા. પણ સઘળું વ્યર્થ ! ભડભડ થતી શગ એક વર્ષમાં આખરે શમી ગઈ ! આંખોના દીપક જાણે અધરાતે બૂઝાઈ ગયા !

કનૈયાલાલ મહેતા સિવિલ ઈજનેર. સરકારના માર્ગ અને મકાન વિભાગમાં નોકરી. મૂળ ભાવનગરના પરંતુ નોકરીને લીધે ગાંધીનગર સ્થાયી થયેલા. એક દીકરો અને પાંચ દીકરીઓ. ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારની સોનલ સૌથી નાની દીકરી. નાની એટલે સૌની લાડકી. ભાઈ પણ ઈજનેર થયો. પૈસેટકે સુખી. પિતા અને ભાઈએ લાડકી સોનલના ઈલાજમાં કોઈ ખામી ન રાખી. અમદાવાદ, મુંબઈ, મદ્રાસ અને હવાના (ક્યુબા) જઈને પણ સારવાર કરાવી. પરિણામ ઈશ્વરે ધાર્યું હતું એ જ આવ્યું. આંખોની રોશની કવેળા છીનવાઈ ગઈ હતી. આખો મહેતા પરિવાર હતપ્રભ હતો. એક સોનલ સિવાય ! સોનલ નોખી માટીની હતી. છેલ્લા એકાદ વર્ષમાં આ છોકરીએ તેનું કાળજું ઠીકઠીક કઠણ કરી લીધું હતું. માર્ગના અવરોધક પથ્થરને જ પગથિયાં બનાવીને જીવનની ઊંચાઈઓ સર કરવાનું તેણે મનોમન ઠાણી લીધું હતું. આ એક વર્ષ થોડી ચિંતા, થોડા આંસુ, થોડી નિરાશા સાથે કેટલાંય નિશ્ચયોનું પણ રહ્યું. નિશ્ચયો હતા પરિસ્થિતિ સામે ન ઝૂકવાના અને ઈશ્વર સામે લડી લેવાના ! હૈયા હામ હતી, પરિવારનો સાથ હતો. ચર્મચક્ષુની હવે ખેવના નહોતી કારણ કેત્યાં સુધી સોનલના પ્રજ્ઞાચક્ષુ પૂરેપુરા ઉઘડી ગયા હતા. આંખો હતી ત્યારે સોનલનું સ્વપ્ન હતું ડૉક્ટર બનવાનું. પરિસ્થિતિમાં વળાંક આવ્યો. સ્વપ્ન સાકાર કરવું શક્ય નહોતું. સોનલ દીર્ઘદૃષ્ટા હતી. બંધ આંખે પોતાનું ભવિષ્ય જોઈ શકતી હતી. એકેડેમિક કેરિયર બનાવવામાં અંધાપો અવરોધક નહીં બને તેવું લાગ્યું. સોનલે ડૉક્ટર બનવાનો વિચાર પડતો મૂક્યો.

જન્માંધ હોત તો અવશ્ય બ્રેઈલ લિપિનો સહારો લીધો હોત પણ આ ચિત્ર જરા જૂદું હતું. સોનલે અક્ષરોની દુનિયા પૂરેપૂરી ઓળખી લીધી હતી. હવે નજીવા ફેરફાર સાથે આગળ વધવાનું હતું. આંખોનું કામ હવે કાન પાસેથી લેવાનું હતું. વાંચવાને બદલે સાંભળીને ભણવાનું હતું. પરીક્ષામાં લહિયા (સ્ક્રાઈબ) રાખી શકાતા હતા. સોનલની યાદશક્તિ સાથે શ્રવણશક્તિ પણ તેજ હતી, પૂરો મહેતા પરિવાર સોનલની સાથે હતો. મમ્મી, પપ્પા, ભાઈ, બહેન સોનલને પાઠ વાંચી સંભળાવે, સમયની અનુકૂળતા ન હોય તો ટેપ કરી રાખે. આમ સોનલનો અભ્યાસ આગળ ચાલ્યો. ભણવામાં તેજસ્વી હતી. પ્રથમ નંબરે જ પાસ થતી ધોરણ-૧૨ પણ પાસ કર્યું, જેમ તેમ નહીં, બૉર્ડમાં રેન્કર તરીકે ઝળકીને ! તત્કાલિન રાજ્યપાલના હસ્તે સન્માન થયું. વર્તમાનપત્રોમાં આ છોકરીની તસવીરો ચમકી. સરનામું શોધીને સોનલનું અભિવાદન કરવા ગયેલા એક સજ્જને સોનલનું હીર પારખ્યું. પુસ્તકો વાંચી સંભળાવવાની જવાબદારી સ્વૈચ્છાએ સ્વીકારી. સોનલના પરિવારને આ ગમતી વાત હતી. આમે ય આગળનો અભ્યાસ અઘરો હોવાથી કેવળ ઘરના સભ્યોથી ચાલી શકે તેમ નહોતું. સોનલને એ સજ્જનમાં ઈશ્વરના જૂદા સ્વરૂપના દર્શન થયા. આ સજ્જન એટલે ગજેન્દ્ર ખારોડ ! ગુજરાતમાં ઘણી યુનિવર્સિટીઓ છે પણ વિકલાંગો માટે કોઈ યુનિવર્સિટી નથી તેની વ્યથા તેમને આજે ય પીડે છે !

અંગ્રેજી વિષય સાથે બીએ પાસ કર્યું. સાંજની કોલેજમાં એમએની પરીક્ષા પાસ કરી. બન્નેમાં ફર્સ્ટક્લાસ મેળવ્યો. તરત નોકરી મળી. માણસા, સાબરમતી અને ગાંધીનગર કોમર્સ કોલેજમાં અને સાયન્સ કોલેજમાં અધ્યાપક થયાં. વિકલાંગ માટેની રિઝર્વ કેટેગરીના હક્કદાર છતાં જાહેર સેવા આયોગની પરીક્ષા જનરલ કેટેગરીમાં આપી. મેરીટમાં પ્રથમ રહ્યાં. ૧૯૯૩માં બોયઝ પોલીટેકનિક અને પછીથી ગર્લ્સ પોલિટેકનિકમાં અંગ્રેજીના અધ્યાપિકા બન્યાં. ૧૯૯૭માં ગુજરાત યુનિ. માંથી ડિસ્ટીંક્શન સાથે પ્રથમ ક્રમાંકે એમફીલ કર્યું. ૨૦૦૩માં પીએચડી થયાં. વિષય હતો 'ટ્રીટમેન્ટ ઓફ ફિમેલ કેરેક્ટર્સ ઈન આર કે નારાયન્સ નોવેલ્સ એન્ડ સ્ટોરીઝ'. પીએચડી થનાર ડૉ. સોનલ મહેતા સમગ્ર ગુજરાતમાં પ્રથમ પ્રજ્ઞાચક્ષુ મહિલા હતાં. ગાંધીનગરનું આ ગૌરવ હતું. શહેરની ૧૧ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉલટભેર આ ગૌરવને વધાવી લીધું. તત્કાલિન રાજ્યપાલશ્રી કૈલાસપતિ મિશ્રના હસ્તે ડૉ. સોનલબેન મહેતાનું સન્માન થયું. તબીબી ક્ષેત્રના નહીં તો સાહિત્યક્ષેત્રના ! ડૉક્ટર બનીને સોનલે બચપણનું સપનું પૂરું કર્યું જ ! એક પ્રજ્ઞાચક્ષુ મહિલાની ધોરણ-૧૦થી વિદ્યાવાચસ્પતિ સુધીની સફરના સાક્ષી હતી નિવૃત્ત નાયબ સચિવ શ્રી આર બી સૂડીવાલા. લાગલગાટ સત્તર વર્ષ લગી આ માણસે નિસ્વાર્થભાવે એક પારકી દીકરીને પોતાની દીકરી પેઠે પ્રેમથી ભણાવી. કદાચ આવા મહામાનવોના પુણ્યપ્રતાપે તો દુનિયા રસતાળ થતાં બચી રહી છે ! આજે સોનલના પિતા કે પિતાતુલ્ય સુડીવાલા સાહેબ હયાત નથી. છે કેવળ બેઉની સિંચાઈથી લહેરાતો લીલોછમ મોલ !

ડૉ. સોનલની વાંચનભૂખ તીવ્ર છે. શેક્સપિયર ઉપરાંત હેનરિક ઈબ્સન, એમીલી બ્રોન્ટે અને જેન ઓસ્ટિન જેવા લેખકોને વાંચવાનું તેઓ પસંદ કરે છે. પોતાના કોમ્પ્યુટરમાં લગભગ ૩ હજાર જેટલા અંગ્રેજી સાહિત્યના પુસ્તકો ડાઉનલોડ કરેલા છે. જૉસ સૉફ્ટવેરની સહાયથી સ્પીચમાં કન્વર્ટ થતાં લખાણો સાંભળીને તેઓ પોતાની વાંચનભૂખ સંતોષે છે. આજે ડૉ. સોનલને જોઈને ઈશ્વર પણ ૨૮ વર્ષ પહેલા તોળેલા અન્યાય બદલ ભારોભાર પસ્તાતો હશે !

● અનુસંધાન છઠ્ઠા પાને